R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 54 Issue No. 9 December - 2010

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## હિરક જ્યંતિ વર્ષ

### શ્રેષ્ઠ અને શુભ


આ જગતમાં શ્રેષ્ઠની કક્ષામાં આવે એવી વસ્તુઓ જેટલી છે એના કરતાં શુભની કક્ષામાં આવે એવી વસ્તુઓ બહુ ઓછી છે. એજ રીતે શ્રેષ્ઠ પર પસંદગી ઉતારનાર જેટલા છે એના કરતા શુભ પર પસંદગી ઉતારનાર બહુ ઓછા છે. શ્રેષ્ઠ અને શુભ એ બન્ને વચ્ચે પસંદગી કરવાનો પ્રસંગ આવે ત્યારે વિદ્યાર્થીએ શ્રેષ્ઠને ગૌણ બનાવીને શુભ નેજ પસંદ કરવાનું બની રહેવું જોઈએ. - સંપત્તિ શ્રેષ્ઠ છે. પણ દાન શુભ છે.

રૂપ શ્રેષ્ઠ છે. પર શીલ શુભ છે. તન્દુરસ્તી શ્રેષ્ઠ છે. પણ પરમાર્થ શુભ છે. પ્રથમ નંબરે પાસ થવું શ્રેષ્ઠ છે પણ અત્યંત બીમાર એવા માબાપની સેવા પાછળ વાંચવાનું ગૌણ બનાવવું એ શુભ છે. મનોરંજનના કાર્યક્રમો શ્રેષ્ઠ છે પણ એજ સમયે પરોપકારની આવતી તક શુભ છે. આ ભેદ રેખા દરેકને સ્પષ્ટ સમજાઈ જવી જોઈએ અને જીવનમાં શ્રેષ્ઠને બદલે શુભને પ્રાધાન્ય આપવું જોઈએ.

**2nd Cover Page**



મુખ્ય મહેમાન સુધીરભાઈ તથા કારોબારી સભ્યા



મુખ્ય મહેમાન શ્રી સુધીરભાઈનું અભિવાદન કરતાં પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીઆ

# જ્યોતિ પુંજ


વર્ષ અંક તારીખ

૫૪ ૯ ૧૫-૧૨-૨૦૧૦

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

*

મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૮ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# મુળ વતન અને જુની યાદો

**તંત્રી સ્થાનેથી**

આ વર્ષે દિવાળીમાં બાલાસિનોર ગયો હતો. આમ તો ઘણી દિવાળી બાલાસિનોરમાં કરી છે પણ આ વખતે સાથે ટોળું નહોતું એટલે એકલો એકલો ગામમાં ફરવા નીકળી પડયો. વીતેલા વર્ષોના બાલાસિનોરની ઝલક મનમાં યાદ કરતો કરતો. ઘણું બધું સારા માટે બદલાયેલું હતું. પણ ઘણી સારી યાદો ખોવાયેલી લાગી. છાપામાં બે ચિત્રો વચ્ચેના ફરક શોધવાની રમતની જેમ નવા અને જુના બાલાસિનોરમાં ફરક શોધવા લાગી મારી આંખો અને મન. નવાબના બળી ગયેલાં મહેલના અવશેષો હવે નથી. નગરની આજુબાજુ ફરતી ફોર્ટની દિવાલો થોડી દેખાય છે, પણ સાથે બંધાયેલા ઝુંપડામાં મળી ગઈ છે. વાડી, કુવો, રબારીઓના ઝુંપડાની પાછળ ખોવાઈ ગયો છે. નગરના ચાર દરવાજામાંથી એકે ના અવશેષો પણ દેખાતાં નથી. આપેશ્વર મહાદેવ અને ભીમ ભમરડાની આજુબાજુના જંગલો ગાયબ છે. દેવદત્ત કાકાની વાડીએ કુવાના પાણીમાં નહાવાની અને તાજા તોડાયેલા લીંબુનું શરબત પીવાની મજા ફક્ત યાદોમાં ખોવાયેલી છે. સુદર્શન તળાવમાં ભીના લેંઘામાં હવા ભરીને તરતાં શીખતાં અને બેટ સુધીની તરવાની રેસ લગાડતાં ભુલકાંઓ ગાયબ છે. બગીચાની બાહર વડના પાનમાં કાંદા કેરી વેચતાં ફેરીયાઓ અને વાડીના બાહર બે પુરીના બદલામાં પેલું ગોળ ફેરવી અવાજ કરતું ચકરડું વેચતા માંગણો મીસીંગ છે. લાલ પીળી પીપર મીંટો, ભાવસારના ફાફડા ચટણી, પેલો દુધ કોલ્ડ્રીંકવાળો, સંચાના

આઈસ્ક્રીમવાળો, ગોરસ આમલીને રાયણાવાળા ગેરહાજર છે. ચમારવાડામાં હવે પેલા લાકડાના બીબા લઈને પગના જુતા બનાવનાર ચમારો ગાયબ છે. એક નવું થિયેટર થતાં જુના ત્રણ ગાયબ છે. આંખના નેજવે હાથ રાખી અચાનક ઓળખીને ''આ મારો પ્રવિણાનો ભાણો આયો, આય ભાઈ પરસાદ આલું'' કરીને આવકારનાર વડીલો હવે નથી. લે ગાય ગાય ગાય કરીને ગાયોને પ્રેમથી રોટલી ખવનારનાર માસીઓ પણ હવે નથી. અને એટલે જ કદાચ શેરીઓમાં ફરતી ગાયો અને ભુંડ હવે ઝાઝા રહ્યા નથી. વાંદરાઓ અને ગધેડાઓ પણ જોવા મળતાં નથી. ગામડાની શેરીઓમાં ખુલ્લા ઘરોની સામે બંધ ઘરોની સંખ્યા ખુબ વધારે છે, કેટલાંક મહેલ જેવા ઘરો તો જાણે વર્ષોથી વાટ જોતાં થાકીને વૃધ્ધ થઈ ગયા છે. નવા ઘરો બંધાય છે. વાસ્તુપુજામાં લોકોને બોલાવાય છે પણ એકાદ બે વર્ષમાં એને પણ કાયમનું તાળુ વસાઈ જાય છે. લોકો ઘર અંદરથી સજાવે છે પણ ઘરની બહાર કચરો ફેંકવાની પ્રથા હજી કાયમ રાખી છે. વાડીમાં દડીયા, પતરાળ, પંગતો, પીરસવાવાળાઓની જુની પ્રથા બુફે અને થાળી વાટકી ચમચીઓએ લીધી છે. મોહનથાળ ને ફુલવડી પણ ધીરે ધીરે ભુલાતી લાગે છે. શેરીએ શેરીએ ફરીને બુમો પાડીને નોતરાની પ્રથા પણ બંધ થઈ ગઈ છે.

સામે મંદિરોની સંખ્યામાં ખાસો વધારો થયો છે. હનુમાન ટેકરી હવે ઉજવણીનું મુખ્ય સ્થાન બની ગયું છે. કેદાર મહાદેવનો જીર્ણોદ્ધાર અને વિકાસ થયો છે. પણ આપણે બનાવેલી રૂમો હજી ખાસ વપરાયા વગર પડી રહી છે. ગામમાં આપણી શ્રદ્ધાને આસ્થા મોટા મંદિર, મદનમોહનજીના મંદિર અને બખલીવાળાનાં મંદિરોમાં વહેંચાઈ ગઈ છે. હવે ગામમાં ગણપતિથી સાઈબાબા સુધીના બધા ભગવાનની સ્થાપના થઈ ચુકી છે. અને હજી ધસારો ચાલુ જ છે. સ્મશાન પણ મરવાનું મન થાય એવું સરસ થઈ ગયું છે. કાંતીપાર્કનું નવીની કરણ થઈ રહયું છે. કલબ બનાવવાની વાતો થઈ રહી છે. બગીચા રેસ્ટોરન્ટ વાડીના સાંજના જમણનો પર્યાય બની ગઈ છે. ફગવાનું નુતનીકરણ થઈ ગયું છે. હાલમાં બે લગ્નો બાલાસિનોર ખાતે ઉજવાયા એ કદાચ જુના દિવસો પાછા ફરે એવી આશા આપી રહ્યા છે. મુંબઈમાં દેખાદેખીને ૨૫-૫૦ લાખનો ધુમાડાનો આ પર્યાય બની શકે છે. હોસ્પીટલ કોલેજ અને સ્કુલો માં મુંબઈના પૈસાનો સારો ઉપયોગ થયેલો દેખાય છે, કે.એમ.જી. થોડા ઘણા પ્રશ્નો સાથે પણ તાલુકાની શ્રેષ્ઠ હોસ્પીટલ બની ગઈ છે. અને કોલેજમાં ગામ, ગામથી વિદ્યાર્થીઓ ભણવા આવી રહ્યા છે. મારી જુની યાદોમાં ધાબાં (અગાસી) ઉપર સુકવાતાં રસના પાપડ, કાતરી, સાબુદાણાની પાપડીને સેવ હવે ભુતકાળ બની ગયો છે. ખુલ્લા આકાશની નીચે તારાંઓને જોતાં જોતાં વાતો કરતાં કરતાં સુવાની મજા ભુલાઈ ગઈ છે. ગોટીઓ ગીલ્લી દંડા અને નારગોળીઆની રમત હવે ભુલાઈ ગઈ છે. બસ સ્ટેન્ડથી સામાન સાથે નાના ભુલકાઓની લારી ઉપર બેસીને ગામમાં જવાની મજા, રીક્ષાઓએ છીનવી લીધી છે. રોજ સાંજે ગાડામાં ટાંકી લઈને ધુળીયા રસ્તાઓ ઉપર છટાંતુ પાણી અને એની સાથે ઉઠતી માટીની સુગંધ ભુલાવા લાગી છે. જાજરૂની જુની ડબ્બાની પ્રથા યાદ આવતાં પણ કમકમાં છુટે છે. હરીજનોનો એ શાપ દુર થયો એનો ખુબ આનંદ છે. ૪૫ વર્ષના ફલેશબેકમાંથી જ્યારે વાસ્તવીકતામાં પાછો

ફર્યો ત્યારે થોડી દુ:ખદ લાગણી થઈ આવી. બાલાસિનોરના લોકો મુંબઈમાં આવીને વિખરાઈ ગયા છે. મળવાના, ભેગા થવાના, સાથે રહેવાના પ્રસંગો ઓછા થતાં જાય છે. મુંબઈમાં લાંબા સમય માટે વધુમાં વધુ લોકોનું મળવું શક્ય નથી. એનો એકમાત્ર રસ્તો ''ચાલો બાલાસિનોર''નું ફરીથી આયોજન થાય અને દર બે વર્ષે થતું રહે એ જ દેખાય છે. કોઈ એક સંસ્થાએ આ આયોજન એક કાયમી યોજના હેઠળ લેવાની જરૂર છે. બાકી દિવાળીમાં હજી વડીલો ઉત્સાહથી વાડીમાં જમવાની વ્યવસ્થા કરે છે એ એક આનંદની વાત છે. જ્યાં સુધી આ વ્યવસ્થા થતી રહેશે ત્યાં સુધી થોડી ઘણી રોનક જળવાઈ રહેશે. બાલાસિનોરવાસીઓ કોઈ પણ પ્રસંગે અને કોઈપણ રીતે મળતાં રહે એ જરૂરી છે. એ માટે B.P.L.ની મેચોનું સુંદર આયોજન હોય, ફગવા ઉત્સવ હોય, રસોત્સવ હોય કે મહિલા વિભાગના કાર્યક્રમો હોય. હવે જ્યારે આર્થિક રાહતની અને અન્ય રાહતોની જરૂરીયાતો ની સગવડ થઈ ગઈ છે. ત્યારે મંડળોએ લોકોને વધુ ને વધુ સંખ્યામાં વારંવાર ભેગા કરવાની યોજનાઓ ઉભી કરવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. બાકી બીજા ૫૦ વર્ષોમાં આવતી પેઢી પોતાના મુળને જ ભુલી જશે.

**-નિખિલ પરીખ**

# ઠાકુર જરા સોચો

સમયની સરાણ પર જિંદગીની ધાર દર નવા વરસે ઘસાઈને ક્યારે બુઠ્ઠી થઈ જશે એની જાણ લગભગ માંદગીના બિછાને આઈસીયુમાં નતમસ્તક આજુબાજુમાં ઉભા રહેલા લોહીની સગાઈવાળા, મિત્રબંધુ, સ્નેહીજનોને જોઈ બે ઘડી લાગે છે કે હવે જિંદગીની મેન્ડેટરી ઓવરો પૂરી થવામાં વાર નથી. આપ્તજનોની મંગળ પ્રાર્થના, બિછાને અંતીમ ઘડીઓ ગણતા દરદીનુ સદ્ભાગ્ય અને કદાચ નસીબ સંજોગે બચી જાય એટલે આપણે સૌ વરસોજુની માન્યતા પર તોરણો બાંધવા માંડીએ છીએ. ડાકોર પગપાળા સંઘમાં જઈ આવીશું. અંબાજીમાતાનાં મંદિરમાં ધજા ચઢાવીશું. આવતીસાલ મંદિરમાં અન્નકૂટ આપણો. પાલીતાણા, ક્ષેત્રુંજ્ય જેવા ભક્તિધામોમાં ડોળીએ બે વાર ચઢી ઉતરશું. ભગવાન પ્રત્યે આપણી આસ્થા વરસો જૂની છે એ પરંપરાનો વિકલ્પ અન્ય રચનાત્મક પ્રવૃતિથી ન વિચારી શકાય ? વતનમાં (ખાસ કરીને ગામડામાં) જે શાળાઓ હજીય જર્જરિત છે. પ્રાથમિક શિક્ષણથી હજુ ખાસ આગળ વધી નથી. શાળાનાં પુસ્તકાલયમાં ચોપડીઓ ગણીગાંઠી છે. કોમ્પ્યુટર હજુ દંતકથા સમાન લાગે છે. રિસેસમાં બાળકોને રમવા માટે પૂરતાં સાધનો નથી. નાસ્તાના ડબ્બામાં હજૂય ગરીબી ટૂંટિયું વાળીને બેઠી છે. ગણવેશમાં હજુય થીંગડા સંતાકૂકડી રમે છે.

મા સરસ્વતીની આવી હાલત હોય ત્યાં મંદિર દેરાસરની જગ્યાએ મા-લક્ષ્મીનું આયોજન અહીંના કરી શકાય ? આજે અમેરીકાસ્થીત જનોને ઠેર ઠેર મંદિરોનું નવનિર્માણ કરી લક્ષ્મીની ઠેર ઠેર છાકમછોળ કરેલ છે. જાણે ડોલરનો મોક્ષ થઈ ગયો ! જ્ઞાતિના જે શાળા કોલેજમાં સાથે ભણ્યા હોય પણ આર્થિક રીતે હજુ પણ મુંઝાતા હોય અને જેમનાં ચિરંજીવીઓ હૂંફના હાથ માટે થનગની રહ્યા હોય ત્યાં વતનમાં જતાં આપણાં એન.આર.આઈ (નોન રેકઝનાઈઝડ ઈન્ડીયન્સ) નવી કેડી ના કંડારી શકે ? જુદા જુદા વિભાગના તબીબી તજજ્ઞો વરસે એકાદવાર હેલ્થ કેમ્પ ગોઠવી અદ્યતન સાધનથી આરોગ્ય સુવિધાથી વંચિત આપણાં ભાઈ-બહેનો માટે ડૉ. કોટનીસકી અમર કહાની ના પડઘા ના પાડી શકે ? અમેરિકાની ઘેલછાનું સાચું ચિત્ર વતનમાં મા-બાપને દેવા કરી અહીં મોકલવા થનગનતા વડિલોને શિબિર દ્વારા ન સમજાવી શકે ? (એક કડવી સત્ય હકીકત ગુજરાત (ખાસ કરીને મહેસાણા જીલ્લાનાં) રાજ્યમાંથી દર વરસે હજારો યુવક યુવતીઓ લગભગ ૩૦ લાખ જેટલા રૂપીયા ખરચી એજન્ટો દ્વારા અમેરિકામાં ઠલવાય છે. જે ગામડાઓમાં કોઈ વયોવૃદ્ધ ઉકલી જાયતો કાંધો આપવા ચાર જણ જડવા મુશ્કેલ હોય છે.)

ડોલરનો ચળકાટ ગિલેટ હવે ઉતરવા માંડ્યો છે એની સમજ ના આપી શકાય? કે હજુય એકના પીસ્તાળીસ કે પચાસની ગણતરીમાં જિંદગીનાં મહામૂલા વર્ષો, વતનની જમીન-જાગીર, ધંધા, વ્યવસાય છોડી અથડાતા કૂટાતા આ ડોલરીયા દેશનાં દર્શને દોડી આવે છે. વરસો સુધી ધર્મ ગુરૂઓની વિદેશયાત્રાના ભપકા, આડંબરના વરખથી છાપા, સામાયિક, ટીવીમાં ચમકે છે. સાધન સંપન્ન લોકોના પ્રભાવ હેઠળ ધર્મ ભક્તિનું ઘોડાપૂર પેલા બિલાડીના ટોપની જેમ કયાં સુધી? વતનમાં રીબાતો, પીડાતો તમારો જ એક ભાઈ બહેન સ્વજન મિત્ર બંધુ તેની અંતર વ્યથા કથા કહે છે કે

'તમે ટોચે ને અમે તળિયે,
કહો હવે કેમ કરી મળિયે ?
સૂનાં આંગણા વેરાન ફળીયે,
બસ, અહીંથી તહીં રઝળીયે'.
આખિર કયું ? ઠાકુર જરા સોચો...

**રાજેષ કડકીઆ (યુ.એસ.એ.)**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો નવેમ્બર મહિનાનો કાર્યક્રમ સ્નેહ સંમેલન તા. ૧૨.૧૧.૧૦ શુક્રવારે બપોરે ૨.૩૦ કલાકે તેજપાલ ખાતે નવું નાટક હસતા રમતાં જીવી લઈએનો રાખવામાં આવ્યો હતો. જેના મુખ્ય મહેમાન સ્વ. શાંતાબેન નટવરલાલ ધારીયા તથા સ્વ. તારાબેન શાંતિલાલ કડકીયાનાં પરિવાર હતા. જેમના તરફથી સુંદર નાટક બતાવવામાં આવ્યું હતું. તેમ જ આવનાર દરેક વ્યક્તિને ગીફ્ટ આપવામાં આવી હતી. મહિલા વિભાગ આવા દાતા તેમજ તેમના પરિવારનો ખૂબ આભારી છે. મુખ્ય મહેમાનને શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી આભારના પ્રતીકરૂપે મોમેન્ટો તથા શાલ આપવામાં આવ્યા હતા.

આવનાર દરેકને નાસ્તાના બોક્સ આપવામાં આવ્યા હતા.

મહિલા વિભાગ આ કાર્યક્રમને સફળ બનાવવા દરેક નામી અનામી બહેનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ તા. ૧૨-૧-૧૧ બુધવારના રોજ એક દિવસીય પીકનીક West palm Beach resort વસઈ ખાતે રાખવામાં આવી છે. જેના રૂા. ૨૦૦ રાખવામાં આવ્યા છે. જેના પાસ સોમવાર તા. ૩-૧-૧૧ના રોજ બપોરે ૩ થી ૪ દરમ્યાન સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે.

આ resort ખાતે swimming તથા rain dance ની સગવડ છે. જે બહેનોને આનો લાભ લેવાની ઈચ્છા હોય તેમણે ટુવાલ તથા કપડાં લઈને આવવાના રહેશે અને પોતાની જવાબદારી પર Swimming Poolનો ઉપયોગ કરવાનો રહેશે. કપડામાં ટાઈટસ અને ટીર્શટ પહેરાવના રહેશે. પંજાબીમાં Swimming કરવા દેવામાં આવશે નહિ. જેની નોંધ લેવા વિનંતી.

**સંયોજક નીલમ પરીખ - ૯૮૬૯૭૫૪૯૧૬**

# બાલાસિનોર નવયુવક સંઘ (ઉપનગર વિભાગ)



શ્રી બાલાસિનોર નવ યુવક સંઘ ઉપનગર વિભાગ વર્ષ ૨૦૧૦-૧૧નો પ્રથમ પ્રોગ્રામ દાંડિયા રાસાનો તા. ૨૪-૧૦-૨૦૧૦ના રવિવારે કાંદિવલી મુકામે કેવલબાગ એસ.વી.રોડ, સાંજે ૬.૩૦ વાગ્યાના સુમારે શરૂ થયેલ હતો. તેના મુખ્ય મહેમાન તરીકે સુર્યાબેન અનીલભાઈ દોશી (હુવ્વર) એ પચ્ચીસ હજાર પુરાનું માતબર દાન આપ્યું હતું. તદ ઉપરાંત આની સાથે દાંડીયા રાસના ઈનામ પણ તેઓના તરફથી હતા. રૂા. ૫૦૦૦ પાંચ હજાર પુરા (ઈનામ પેટે)

પ્રથમ ૫૦૦, આવનાર વ્યક્તિઓને ઠંડા પીણાની ફ્રી કુપન ગ.સ્વ. કનકલતા બેન ચંદ્રકાંતભાઈ દોશી હસ્તે કમલેશભાઈ દોશી તરફથી આપવામાં આવી હતી. સંસ્થા તેમનો તેમજ તેઓના કુટુંબીજનોનો આભાર માને છે. સંસ્થાના મંત્રી તથા પ્રમુખે મુખ્ય મહેમાનનું શાલ ઓઢાડી તથા મોમેન્ટો આપીને બહુમાન કર્યું હતું. મુખ્ય મહેમાનના સુપુત્ર રાકેશ અનીલભાઈ દોશીનું બહુમાન ફુલના બુકે દ્વારા થયું.

પ્રોગ્રામ શરૂ કરતા પહેલા અંદર આવનાર સર્વેને પ્રસાદી તરીકે મીઠાઈ આપીને સ્વાગત કર્યું હતું. ૧ થી ૫ વર્ષના સર્વે બાળકોને સંસ્થા તરફથી ફ્રી ગીફ્ટ આપવામા આવી હતી. ઓરકેસ્ટ્રા મનીષ અને હીસ પાર્ટીએ રમઝટના તાલે ગરબા તથા દાંડિયા રાસ રમાડયા હતા. આનો લાભ ઘણા બધા ઉપનગરના કુટુંબીઓએ લીધો હતો. ઘણા બધા ખેલૈયાઓ સુંદર વેષ પરિધાન કરીને આવ્યા હતા. આ પ્રોગ્રામમાં સુંદર રીતે તૈયાર થઈને આવનાર તથા સારૂ રમનારને ગ્રુપ પ્રમાણે ઈનામો આપવામાં આવ્યા હતા. આ ઈનામો માટે બે બહારના ભાઈ તથા બહેનને જજ તરીકે રાખવામાં આવ્યા હતા. નાસ્તા તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને છેલ્લે સહમંત્રી નીલેષ શાહે બધાનો આભાર માન્યો હતો, આ પ્રોગ્રામ જાહેરાત પેટે સંસ્થાને ઉમદા ડોનેશન મળેલ છે.

(૧) ક્રોમા ઈલેકટ્રીક તરફથી રૂા. ૨૧,૦૦૦ (એકવીસ હજાર પુરા) હસ્તે કીંજલભાઈ પરીખ
(૨) યુનાઈટેડ એજન્સી રાકેશ અનીલભાઈ દોશી ૩૦૦૦(ત્રણ હજાર પુરા)
(૩) અંબીકા કમ્બાઈન્સ નીલેશ અનીલભાઈ દોશી ૩૦૦૦ (ત્રણ હજાર પુરા)

**સંયોજક - દક્ષેશ સોમાલાલ પરીખ**
**મંત્રી - મંજુલ ધારીયા.**

- જીવનમાં પ્રવેશેલી આળસને હટાવવી એ મુશ્કેલ કાર્ય હોવા છતાં આળસપણાને હાંકી કાઢનાર જ જીવનમાં સફળ થશે, માટે આળસને આવકારો નહિં.
- મન ઉપર ઉંમરની અસર પડવા લાગે, છતાં પણ મુખ ઉપરના મલકાટને ઓછો ન થવા દો અને તારુણ્યનો તરવરાટ જાળવી રાખો.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત
# શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત ૫૯મા વાર્ષિક રસોત્સવનો અહેવાલ

૫૯મો વાષિક રુસોત્સવ તા. ૨૧-૧૧-૧૦ને રવિવારે ૯ કલાકે બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે યોજવામા આવ્યો હતો. આ રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી સુધીર ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) હતા. સંઘના કાર્યકર્તા અને હોદેદારોએ મુખ્ય મહેમાનનું સ્વાગત કર્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરફથી પ્રવેશ દ્વારા ૫ર સૌ બાલાસિનોરવાસિઓનું ડ્રાયફુટના પેકેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી નિખીલ પરીખ (લાઈ)એ સૌને આવકાર આપ્યો હતો. આ રસોત્સવે વરસો જુના રંગભવનમાં ભજવાતા પોગ્રામની યાદ તાજી કરાવી હતી. આપણી જ્ઞાતિના બહેનો અને બાળકોએ ત્રણ ત્રણ મહિના મહેનત કરી ચૌદ ગ્રુપ બનાવી પ્રોગ્રામ આપ્યો હતો. આમા પ્રોપર મુંબઈ, અંધેરી, કાંદિવલી અને બોરિવલીની બહેનોએ ભાગ લીધો હતો. પોતેજ કોરિયોગ્રાફર રાખી મહેનત કરી સારા મા સારા પોગ્રામ આપ્યા હતા. જેમણે ઓનરરી કોરીયો ગ્રાફરની સર્વીસ આપી છે તે નુપુર બકુલ શાહ, કામીની બકુલ શાહ, સ્નેહા ભરત પરીખ, અલ્પા સચીન કડકિયા અને હીપ હીપ ભાંગડા ગ્રુપની દરેક બહેનોને અમારા અભિનંદન છે. બધા કલાકારોએ દિલથી મહેનત કરી હતી. એમને આર્ટ અને ટેલેન્ટ બતાવવા માટે સ્ટેજ મળ્યુ અને એમણે પ્રમથી બધાના દિલજીતી લીધા હતા. Once More, Once More ના મારા સાથે પબ્લિક ડીમાન્ડને માન આપી ત્રણ ત્રણ ગ્રુપને ફરી વાર ચાન્સ આપ્યો હતો. શ્રી નિખીલભાઈએ પબ્લીકને પુછ્યુ તો બધાનું કહેવું હતું કે આવા જ પોગ્રામ દર વર્ષે કરવા જોઈએ. શ્રી બંકીમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા)એ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પહેલા ચાર ગ્રુપનો પોગ્રામ પત્યા પછી મુખ્ય મહેમાનનું બહુમાન કર્યું હતું. અને પછી બાકીના ૧૦ ગ્રુપનો પોગ્રામ કર્યો હતો. શ્રી બંકીમભાઈએ સુંદર સંચાલન કર્યું હતું.

રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી સુધીર ચીમનલાલ ધારીયા (રંગુનવાલા) હતા. તે એકદમ સરળ સ્વભાવના છે. અને નિખાલસભાવે સેવા આપી રહ્યા છે.

એમને એક જ વાર મુખ્ય મહેમાન બનવા માટે પ્રસ્તાવ મૂક્યો ને સ્વિકારી લીધો એમની મહાનતા કહેવાય. કેળવણી મંડળ દ્વારા ઓચ્છવલાલ જેઠાલાલની સ્કુલના પાયાની વિધિથી ધ્યાન આપવાની જવાબદારી સ્વિકારી લીધી હતી. એમણે રૂા. ૭૫૦૦૦નું ડોનેશન રસોત્સવના પ્રસંગે આપ્યુ અને રૂા. ૨૫૦૦૦નું ન્યાસ ફંડ આમ રૂા. ૧ લાખ પૂરાનું માતબર દાન સંસ્થાને આપ્યું હતું. દરેક કલાકારને ઈનામો ટ્રાવેલીંગ બેગ આપી હતી. જે પ્રમુખ શ્રી કલ્પેશ ધારિયાએ જણાવ્યું હતું.

સૌથી પહેલા સંઘના મંત્રી શ્રી મંજુલ ધારીઆએ બધાને આવકાર આપ્યો હતો અને સંઘની પ્રવૃત્તિની જાણ આપી હતી. સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ બધાને જે. જે. શ્રી ગોકલેશ કરી પોગ્રામની વિગત વાર માહિતી આપી હતી. દરેક કલાકારો, કોરિયોગ્રાફર તેમજ કારોબારી અને અમારી પેટા કમિટિવાળા દરેક કાર્યકર્તા ભાઈ બહેનો જેમણે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અમને મદદ કરી છે. બધાના અમે આભારી છે. અને ભુલચુક હોય તો ક્ષણા યાચના માંગુ છું.

મુખ્ય મહેમાન શ્રી સુધીરભાઈ ધારિયાનો પરિચય શ્રી હિતેશ કાંતિલાલ શાહ (ડામરવાળા) એ આપ્યો હતો. એમની બાલાસિનોર નગર મુંબઈમાં બોરીવલી સુધીમાં

બનાવવાની યોજના વિશે વિગતવાર સંસ્થાના ટ્રસ્ટી શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ એ જણાવ્યું હતું. જેમાં ૫૦૦ જેટલા કુટુંબી જનોને રહેવાની સગવડતા થઈ શકે, તેમા સ્કુલ, હવેલી, હોસ્પીટલ, રમત ગમતના મેદાન, લગ્નની વાડી તથા મીટીંગ માટે ઓફિસ વગેરે બનાવવાનો વિચાર દર્શાવ્યો હતો. ઉપરોક્ત યોજના સમાજના નેજા હેઠળ મૂકવામા આવશે જેથી દરેક બાલાસિનોર દશાનિમા વણિક વૈષ્ણવ આનો લાભ લઈ શકશે.

મુખ્ય મહેમાન શ્રી સુધીર ચીમનલાલ ધારિયા (રંગુનવાળા)ને મોમેન્ટો આપી સંઘના પ્રમુખ શ્રી કલ્પેશ ધારિયાએ અને સંઘના મંત્રી શ્રી મંજુલ ધારિયાએ શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. મુખ્ય મહેમાનના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન ધારિયાનું બુકે આપી ઉપપ્રમુખ શ્રી સોમિલ મોદીએ બહુમાન કર્યુ હતુ.

વાર્ષિક રસોત્સવના કાયમી દાતા શ્રી રજનીકાંત કાંતિલાલ કડકિયા (ધરીવાળા)ને પ્રમુખશ્રીના ધર્મપત્ની શ્રીમતી જલપા ધારિયા અને દાતાના ધર્મ પત્ની શ્રીમતી ઈંદીરાબેન રજનીકાંત કડકિયાનું બહુમાન મંત્રીના ધર્મપત્ની શ્રીમતી લીના ધારિયાએ કર્યું હતું.

મુખ્ય મહેમાન શ્રી સુધીર ચીમનલાલ ધારિયાએ એમના પ્રવચનમાં કહયું હતું કે આ ટાઈપના પોગ્રામ કરવા જોઈએ આપણા ગામના બધા લોકોને પોગ્રામજોવા સમાવી શકતા નથી તો સંસ્થા વિચાર કરે.

મુખ્ય મહેમાનને બાલાસિનોર નગર બોરીવલી સુધીમા વસાવવા માટે વિચાર જાહેર કર્યો. લોન પેટે ફાળો નોંધાવ્યો. આમ એમનું પહેલું નામ જાહેર કર્યું. જે વગર વ્યાજે સમાજને જમીન ખરીદવા માટે જ્યારે જમીનનું ટોકન આપવામાં આવશે ત્યારે જમા કરાવવામાં આવશે. આ યોજના સાકાર કરવા માટે બાલાસિનોરના અગ્રણી લોકોએ સમાજને તન, મન, અને ધનથી સાથ સહકાર આપવો જોઈએ. તો સમાજ સસ્તા ભાવે ફ્લેટો આપી શકશે. સંઘના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ બધાનો આભાર માની આભારવિધિ કરી હતી.

આ પોગ્રામમા ભાગ લેનાર દરેક કલાકારો, કોરિયોગ્રાફર સર્વ સાથી કાર્યકર્તાઓ, બેક સ્ટેજમા સપોર્ટ કરનાર શ્રીમતી મીનોતી શાહ, સોહિની કડકિયા, કુંજબાળા શાહ, કૌશિક શાહ તેમજ શ્રી ઉપેન કડકિયા સ્ટેજ સાઉન્ડ સીસ્ટમ, લાઈટનીંગ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

૫૯મા વરસનું રસોત્સવનું સોવિનિયર છાપી આપવા બદલ ક્રિશઅના પ્રિન્ટવેલના આપ સૌ બાલાસિનોર વાસિઓનો અને રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી સુધીર ચીમનલાલ ધારિયા (રંગુનવાલા)ની સંસ્થા આભારી છે.

**સંયોજક : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)**
**માનદ્ મંત્રી : શ્રી મંજુલ શૈલેષ ધારિયા.**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– તંત્રી નિખિલ પરીખ**
**– માનદ્ મંત્રી મંજુલ ધારીઆ**

## Rasotsav Cultural Program (Name of Participants)

Song : Welcome Song
Choreographer : Avani
Jill Ashish Shah
Arpi Nirav Parikh
Tanvi Niren Dharia
Sakshi Sandeep Dharia
Avisha Tushar Parikh
Nakshat Mitesh Parikh

Song : Mil Gaya Chora Chori
Anjana Anjani
Choreographer : Aastha
Dhir Nirav Parikh
Akshit Mitul Parikh
Yug Nikesh Gandhi
Nayesha Shaishav Parikh
Vivaan Saurabh Modi
Henil Ripal Desai

Song : Zoobi doobi - 3 idiot Dhanno - Housefull
A yashi - Badmesh Co.
Choreographer : Noopur Shah
Vansh Sachin Shah
Khushboo Tejas Shah
Siraj Raju Mehta
Dhwanil Janny Parikh
Dweep Ketan Kadakia
Diya Anish Parikh
Jahaan Shishir Desai
Drashti Vimal Modi

Song : Life Partner / Gori Sarmaye
Gori Muskaye
Choreographer : Alpa
Sonali Anish Shah
Rupal Samir Kadakia
Alpa Sachin Kadakia
Dimple Jatin Kadakia
Hema Rajesh Parikh
Sejal Viral Gandhi
Bijal Bhaven Mehta
Disha Ripal Desai
Tejshree Prashant Parikh
Sarjita Mitul Parikh

Song : Uff Teri Ada
Twist Remix
Aila Re Aila
Choreographer : Noopur Shah
Kamini Shah
Udit Ketan Kadakia
Charmi Apurva Kadakia
Aashi Rupesh Modi
Sachi Mihir Desai
Krisha Divyash Kadakia
Khushboo Tejash Shah
Nishith Manish Parikh

Song : Mari Gumar Gumva Kya
Gaiti / Nagada Nagada
Reshmchi Sadi
Choreographer : Avni
Jill Ashish Shah
Arpi Nirav Parikh
Ayush Nirav Parikh
Avisha Tushar Parikh
Khushboo Kalpesh Dharia
Tanvi Niren Dharia
Sakhshi Sandip Dharia
Hatvi Hitesh Kadakia
Trisha Hitesh Kadakia
Nakshat Mitesh Parikh
Bina Niren Dharia

Song : Hip Hip Bhangda
Kangna

Choreographer : Self
Sehal Anish Shah
Kasni Samir Kadakia
Chaitali Sandeep Modi
Rashi Reepal Kadakia
Lesha Hiten Parikh
Tanvi Nishit Gandhi

Song : Mahiya Mahiya
Choregrapher : Sneha parikh
Trupti Ketan Kadakia
Vaishali Sunil Modi
Ami Rupesh Modi
Prapti Shishir Desai
Pinali Sachin Shah
Dipti Mihir Desai
Neelam Hitesh Dharia
Kalindi Rajesh Kadakia
Mittal Shreyans Modi
Sangita Chirag Talati
Kamini Bakul Shah
Neha Parag Kadakia

Song : Dekha Jo Tuje Yar
Apna Sapna Mani Mani
Kombdi Padali
Choreographer : Ankita
Krish Sanjay Shah
Hiya Samir Gandhi
Simran Dharmesh Shah
Akshit Dharmesh Shah
Romit Sanjay Shah
Kashish Jignesh parikh
Shreya Jasmine Sheth
Harshit Nilpesh Modi
Drishti Nilpesh Modi

Song : Sil Sila Hai Chahat ka
Mere Dholna Sathi Re Shathi

Choreographer : Niti
Shital Dimple Modi
Vaishali Himanshu Modi
Hema Rakesh Parikh
Priti Dharmesh Parikh
Sonal Hitesh Kadakia
Pinki Nilesh Chandiwala

Song : Tere Bina
Choreographer : Sneha Parikh
Kunjbala Hemendra Shah
Hansa Jayesh Parikh
Shobhana Dinesh Dharia
Pinki Pankaj Shah
Kalpana Rohit Parikh
Geeta Dipak Parikh
Smita Mayank Mehta
Smita Manish Parikh

Song : One Tare
Choreogapher : Noopur Shah
Noopur Bakul Shah
Ishita Chirag Tatali
Kruti Nilesh Shah
Naisargi Rakesh Kadakia
Avana Vipul Dharia

Song : Morni Bagama Bole
Mehendi Hai Rachnewali
Rangili Mero Dhol
Choreographer : Noopur Shah
Noopur Bakul Shah
Naisargi Rajesh Kadakia
Avana Vipul Dharia
Kruti Nilesh Shah
Prapti Shishir Desai
Trupti Ketan Kadakia
Ami Rupesh Modi
Neha Parag Kadakia

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવ યુવક સંઘ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ની ૧૦મી બેઠક તા. ૩૦-૧૧-૨૦૧૦ના રોજ મંગળવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) એ મળી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ નવમી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમત્તે પસાર કરાયો હતો.

ઉપનગરના સંયોજક શ્રી દક્ષેશ પરીખ એ પ્રથઠ પ્રોગ્રામનો હીસાબ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

હીરક જયંતિના સોવીનીયરના સંયોજક શ્રી રજનીકાન્ત કાંતીલાલ કડકીઆ (લટકારી)એ વિવિધ મુદ્દાઓ રજુ કર્યા હતા. તે ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવ્યા હતા.

ભંડોળ સમિતિના સંયોજક શ્રી યોગેશ ધારીઆ એ જે વિવિધ સ્કીમ રજુ કરી હતી તેમા બે નામ આવ્યા હતા. સ્વ. શ્રી બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) રૂા. ૧૧,૦૦,૦૦૦ તથા શ્રી મનોજ અને અમરીશ કચેરીઆ રૂા. ૭,૫૦,૦૦૦ સંસ્થા તેમનો તથા કુટુંબીજનોનો આભાર માને છે.

૨ આજીવન સભ્યોની અરજી આવી હતી અને ૧ લીવ આવી હતી. તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**સહમંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

**મંત્રી - શ્રી મંજુલ શૈલેશ ધારીઆ.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
(ઉપનગર વિભાગ) સહર્ષ યોજે છે.

**નવું નાટક**

**સ્થળ :** દિનાનાથ મંગેશકર હોલ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭

**સમય :** સવારના ૯.૩૦ કલાકે

**તારીખ :** ૧૩-૨-૨૦૧૧ વારઃ રવિવાર

**SHREE BALASINOR NAVYUVAK SANGH**

**PRESENTS**

# BALASINOR PREMIER LEAGUE

## KADAKIA ENTERPRSE T20 TROPHY 2010-11.

**BPL TROPHY CO-SPONSORER: SHRI DAXESH B. KADAKIA &**
**SHRI MINISH B. KADAKI (KADAKIA ENTERPRISE (GROUP OF KE).**

**FIXTURES:**

14TH NOV 9:30 AM (RED BULLS V/S APEX WONDER BOYS)
28TH NOV 9:30 AM (VISHESH CHALLENGERS V/S DHARIA'S BLACK STALLION)
28TH NOV 1:00 PM (LALKHA TIGERS V/S BALASINOR LIONS)
05TH DEC 9:30 AM (BALASINOR LIONS V/S DHARIA'S BLACK STALLION)
05TH DEC 1:00 PM (VISHESH CHALLENGERS V/S APEX WONDER BOYS)
19TH DEC 9:30 AM (APEX WONDER BOYS V/S BALASINOR LIONS)
19TH DEC 1:00 PM (RED BULLS V/S LALKHA TIGERS)
09TH JAN 9:30 AM (VISHESH CHALLENGERS V/S LALKHA TIGERS)
09TH JAN 1:00 PM (RED BULLS V/S DHARIA'S BLACK STALLION)

**VENUE:** CENTRAL RAILWAY STADIUM, OPP. ITC GRAND MARATHA SHERETON, PAREL.

The proud Owners & Sponsorer's for BALASINOR PREMIER LEAGUE are:

1. SHRI DILIP M. DHARIA (LALKHA), (THE IMPERIAL TUBE & HARDWARE MART).
2. SHRI SURENDRA R. PARIKH (SURENDRA ENGINEERING CORPORATION).
3. SHRI PARIMAL R. SHAH (UJADAWALA) (APEX ENGINEERING COMPANY).
4. SHRI RAKESH K. KADAKIA (KHISSADAR) (VISHESH CAPITAL).
5. SHRI ALPESH Y. DHARIA (SURATWALA) (BHARAT ASBESTOS & RUBBER CO.).
6. SHRI NIMISH P. KACHERIA (VARKHA) & SHRI ASHISH.V. GANDHI (SURTI).
7. SHRI AMRISH KACHERIA- COMPANY- PRABHAT CABLES PVT. LTD (BPL CRICKET KIT CO-SPONSORER).
8. Advertisement on back of players T.shirt (Group "A"- DIAMOND CRICKET CLUB).
9. Advertisement on back of players T.shirt (Group "B" C.B.TRADING CORPORATION.
10. SHRI YOGESH R. DHARIA / SHRI BIPIN G. GANDHI (MAN OF THE MATCH TROPHY CO-SPONSORER).
11. SHRI NIMISH M. KADAKIA (BEST BATSMAN & BOWLER OF THE SERIES TROPHY CO-SPONSORER).
12. QUICK INDUSTRIAL SUPPLIERS P. LTD (MAN OF THE SERIES TROPHY CO SPONSORER).
13. SHRI SANJAY C. MODY & SAMIR C. MODY (BPL TOP XIV TROPHY CO-SPONSORER).
14. SHRI LATIF A. HAKAM & SHRI ALI M. HAKAM PREMIER NUT BOLT COMPANY. (BPL BEST CATCH & 6'S CO-SPONSORER).
15. SHRI JAYANTILAL M. PARIKH (BAKHALI) / SHRI NITIN J. PARIKH (BAKHALI) (BPL DUG- OUT CO-SPONSORER).

BPL up-date visit: www.bplt20.blogspot.com

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | |
|---|---|---|
| (1) Marine Lines | (2) Grant Road | (3) Andheri (W) |
| (4) Vile Parle (E) | (5) Jogeshwari (W) | (6) Malad (E) |
| (7) Malad (W) | (8) Kandivali (W) | (9) Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી :** Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

*સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**સંચાલિત**

## વિવિધ સામાજીક પ્રવૃતિઓના નામાંકરણ માટે

હીરક મહોત્સવ પર્વ નિમિતે ભંડોળ સમિતીના સંયોજક શ્રી યોગેશભાઈ ધારીયાએ સંસ્થાની ઓકટોબર મહિનાની કારોબારી મિટીંગમાં સમાજના ઉત્કર્ષ માટે ત્રણ સુચનો રજુ કરેલ જેને મેનેજીંગ કમીટીએ સર્વાનુમતે પસાર કર્યા. અમને જણાવતા સહર્ષ આનંદ થાય છે કે અમારી યોજનાઓ માટે સારો એવો પ્રતિસાદ પ્રાપ્ત થયો છે અને ત્રણે યોજનાઓના દાતાશ્રીઓ અમને પ્રાપ્ત થયા છે જે નીચે મુજબ છે.

**(૧) દિવાળી પર્વ આર્થિક રાહત યોજના :** સ્વ. ડો. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) તેમના પરિવાર જનો તરફથી રૂા. અગીયાર લાખ (રૂા.૧૧,૦૦,૦૦૦/-)ના દાનનું વચન પ્રાપ્ત થયેલ છે. હવે પછી આ યોજના '' સ્વ. ડો. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) દિવાળી પર્વ આર્થિક રાહત/અન્નસહાય યોજના '' તરીકે ઓળખાશે.

**(૨) રાહત દરે નોટબુક વિતરણ યોજના :** શ્રી મનોજભાઈ તથા શ્રી અમરીશભાઈ કચેરીયા **તરફથી** રૂા. ૭.૫૦ લાખના દાનનું વચન પ્રાપ્ત થયેલ છે. હવે પછી આ યોજના '' મનોજભાઈ - અમરીશભાઈ કચેરીયા કન્શેશનલ રેટ નોટબુક યોજના '' તરીકે ઓળખાશે.

**(૩) આંતરીક રમત ગમત સ્પર્ધા :** સંઘ દ્વારા દર વર્ષે રમતો જેવી કે કેરમ સીંગલ્સ, ચેસ, ટેબલ ટેનીસ, બેડમીન્ટન જેવી રમતોની સ્પર્ધાનુંઆયોજન કરવામાં આવે છે. હવે પછી બિલ્યીર્યડ, સ્નુકર, લૉંગ ટેનીસ તથા સ્વીમીંગ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવશે. આ યોજના માટે શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખ (મે. સુરેન્દ્ર એન્જીનીંયરીગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઈ બાબુલાલ કડકીયા તથા શ્રી મીનીષભાઈ બાબુલાલ કડકીયા (મે. કડકીયા એન્ટરપ્રાઈઝ) આ બંને દાતાશ્રીઓએ રૂપિયા સાડા સાત લાખના (રૂ. ૭.૫૦.૦૦૦/-)દાનનું વચન આપીને આ યોજનાને તેમના નામ સાથે જોડવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

સંસ્થા આ દાતાશ્રીઓની આભારી છે.

## દાતાઓને અપીલ

### વિવિધ કાર્યરત યોજનાઓ જોડે આપના પરીવારનું કાયમી નામ જોડવાની સોનેરી તક

હીરક મહોત્સવ પર્વ નિમિતે ભંડોળ સમિતીના સંયોજક શ્રી યોગેશભાઈ ધારીયાએ નવેમ્બર મહિનાની કારોબારી મિટીંગમાં સમાજના ઉત્કર્ષ માટે વધુ સુચન રજુ કરેલ જેને મેનેજીંગ કમીટીએ સર્વાનુમતે પસાર કર્યો. જે નીચે મુજબ છે.

**(૧) ઉપનગર વિભાગ પ્રવૃત્તિ:** સંઘ દ્વારા દર વર્ષે દાંડિયારાસ તથા નાટકનું આયોજન હાથ ધરાય છે. રૂા. ૧૧ લાખ (રૂા. ૧૧,૦૦,૦૦૦) નું યોગદાન આપનાર પરિવારનું નામ આ યોજના જોડે કાયમી ધોરણે જોડવામાં આવશે.

સંઘના હીરક મહોત્સવ નિમિત્તે ઉપરોક્ત વિવિધ યોજનાઓ જોડે પોતાના પરીવારનું નામ સંલગ્ન કરી સંસ્થાની આ સામાજીક પ્રવૃત્તિ માટે ઉદાર યોગદાન આપવા ઈચ્છુક દાતાઓએ ભંડોળ સમિતીના **સંયોજક શ્રી યોગેશભાઈ ધારીયાનો મોબાઈલ - ૯૮૨૧૫૪૪૯૫૦ (ઓફિસ) - ૩૦૦૩૭૩૪૫ અથવા પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીયા - મોબાઈલ - ૯૮૨૦૧૮૩૯૦૭ નો સંપર્ક કરવા વિનંતી.**

**સંયોજક : શ્રી યોગેશ રમણીકલાલ ધારીયા** **માનદ્ મંત્રી - શ્રી મંજુલ ધારીયા**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## દાતાશ્રીઓનો આભાર

હિરક મહોત્સવ પર્વનીમિત્તે સંઘને પ્રાપ્ત થયેલ દાનની યાંદી

(૧) શ્રી રસીકલાલ રમણલાલ કડકીઆ (R.R.) તરફથી તેમના પૌત્ર પ્રતીક કાર્તીકય કડકીઆ તથા તેમની પૌત્રી ધારા વિનીત કડકીઆના લગ્ન પ્રસંગે રૂા. ૧,૫૧,૦૦૦/- (અગાઉ આપેલ રૂા.૧,૦૦,૦૦૦/- ની રકમ સાથે આ દાનની રકમને જોડવામાં આવશે. દાનની કુલ રકમ હવે પછી રૂા. ૨,૫૧,૦૦૦/- થશે.)

(૨) શ્રીમતી સુભેદ્રાબેન તથા શ્રી નવીનચંદ્ર રમણલાલ કચેરીયા પરીવાર તરફથી સલોમીના લગ્ન પ્રસંગે રૂા. ૧,૫૧,૦૦૦/-

(૩) શ્રી સ્મીત અશોક શાહ તરફથી રૂા. ૫૦,૦૦૦/-

(૪) શ્રીમતી નીશ્મા નીતેષ શાહ તથા શ્રીમતી નીકેતા નિલેશ શાહ (હસ્તે રાજુભાઈ શાહ) તરફથી રૂા. ૧૧,૦૦૦/- આ રકમનો મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પારીતોષિક વિતરણમાં ઉમેરો કરાશે.

(૫) શ્રી સુધીરભાઈ ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) રૂા. ૨૫,૦૦૦/-

(૬) શ્રીમતી મીનાક્ષીબેન મોહિતભાઈ મહેતા રૂા. ૫૦,૦૦૦/-

(૭) શ્રી સુનીલભાઈ વિનોદચંદ્ર શાહ (વડોદરાવાળા) રૂા. ૧૧,૦૦૦/-

સંઘ વતી સર્વે દાતાશ્રીઓ તથા તેમના કુટુંબીજનો નો આભાર વ્યકત કરીએ છીએ અને આશા છે કે ભવિષ્યમાં પણ તેમના તરફથી આવોજ સાથ અને સહકાર પ્રાપ્ત થતો રહેશે.

માનદ્ મંત્રી : શ્રી મંજુલ ધારીઆ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આપ સૌની જાણ ખાતર જ્યોતીપુંજ નવયુવક સંઘનું માસીક મેગેઝીન છે અને તે દર મહીનાની ૧૪ તારીખે અથવા મોડામાં મોડું ૧૫ તારીખે મુંબઈ જી.પી.ઓ ખાતે પોસ્ટ કરવામાં આવે છે. જે કોઈ વાંચકોને જ્યોતીપુંજ નિયમીત ન મળતું હોય તો તેઓએ તેમની લોકલ પોસ્ટ ઓફીસમાં તપાસ કરવા વિનંતી. અમારી દરેક કોશિષ એ રહી છે કે જ્યોતીપુંજ દરેકે દરેક વાચકોને સમયસર મળે. એ હેતુ થી તો વાચકોનું મેલીંગ લીસ્ટ પણ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યું છે. જેથી તેમાં ત્રૂટી રહેજ નહીં. આ છતાંપણ કોઈ વાચકોને જ્યોતીપુંજ ના મળે તો તેમણે સંસ્થાના મંત્રી ને લેખીત કાગળ લખી જણાવવું અને તેમાં પોતાનો મેમ્બરશીપ નંબર જે Computer No. છે જેમ કે L o214 x 25xj જે થી અમને તમારું એડ્રેસ ચેક કરવામાં ખુબજ સરળતા પડે. અમારી આપ સૌને વિનંતી કે પોતાને જ્યોતીપુંજ ન મળવાની અથવા કોઈપણ જાતના સમાચાર જે વા કે ટેલીફોન નંબર ન બદલાતા ઘરનું સરનામું બદલાયું હોય તેની જાણ ફોન પર કાર્યકર્તાને ન કરતાં લેખીતમાંજ મોકલવી. ફોન પર આપેલી માહીતી માટે સંસ્થાના કોઈ પણ કાર્યકર્તા જવાબદાર રહેશે નહી. આપના સાથ અને સહકાર અમને કાર્ય કરવામાં ખૂબ જ ઉત્સાહ પ્રેરક છે. અને ભવિષ્યમાં પણ આવોજ સાથ અને સહકાર રહેશે. તેવી વિનંતી.

**સંયોજક - સમીર ગાંધી માનદ્- મંત્રી - મંજુલ ધારીયા**

# મંગલ રૂપ

- ઉષા શૈલેષ ધારીયા

મંગલ રૂપ નિહાર્યો સાંવરો
જિન દિન ગોકુલમેં પ્રકટયો
પૂરણ પરમાનંદ જસુમતિ જાયો ...... મંગલ
કુસુમ, ક્રાંતિ, કમલનૈન પ્યારો
સુંદરરૂપ સુહાવન લાગે મીઠો ...... મંગલ
આજ હમ લલ્લનકો પલના ઝુલાયો
ગાવત મંગલ બલૈયા લીનો ...... મંગલ
મંદ મધુર મુશ્કાયો કનૈયો
જસુમતિ હરખહરખ જશ પાયો...... મંગલ
મંગલ રૂપ નિહાર્યો સાંવરો ......

આ કિર્તન વાસી હવેલીના ગવૈયાએ ગાયુ હતુ અને નસીબે એજ દિવસે પલનાના દર્શન હતા.

પ્રભુજીએ થોડી ક્ષણો મને માણી અને મેં પણ એમના દર્શન કરી ધન્યતા અનુભથી હતી થોડી ક્ષણો પ્રત્યક્ષતા. પ્રભુજીની સાંપડી....

# સ્વપ્ન

વિચારોના વમળમાં, હું અટવાતો રહ્યો,
ક્યારે પાંપણો બંધ થઈ, ના હું જાણી શક્યો !
રાત્રીનો સમય, મુખડું અર્ધ ખુલ્લું, ધમની દોડતી રહી,
આત્મા ભટકવા ગયો, વિચારોની માળા શરૂ થઈ ! (૧)

કોક રાત્રીએ નયનો અશ્રુઓથી ઉભરાતા વહે,
ને કોક રાત્રીએ લાળથી મુખડું ભીનું લાગે !
સફાળે હું જાગી જતો ને, વિચારો લુપ્ત થઈ જાય !
તો શું, હું રહી રહ્યો હતો ? હા, શા માટે, કોના માટે ? (૨)
વિયાની માળા તુટી ગઈ, આત્મા પાછો સમાઈ ગયો,
સમજવા કોશીશ કરી, ના હું સમજી શક્યો !
મન પાછું સંસાર ચક્રમાં અટવાતું રહયું.
એક સ્વપ્ન સમજી, સર્વસ્વ વિસરાઈ ગયું !

- ચાંદશા
ચંદ્રકાંત શાહ (ચટઈ)

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

# હીરક જયંતી પર્વ

## દાતાઓનો સન્માન સમારંભ

ઉપર્યુક્ત મંડળના હીરક જયંતી પર્વ નિમિત્તે **એક લાખ કે તેથી વધુ** દાન આપનાર દાતાઓનો, સન્માન સમારંભ આ વખતે બાલાસિનોર મુકામે યોજવા નક્કી કરવામાં આવ્યું છે.

**તારીખ ૧૨-૩-૨૦૧૧ : શનિવાર**

સૌ દાતાઓને તથા બાલાસિનોર હાજર રહેલા સર્વેને સવિનય સપ્રેમ નિમંત્રણ વ્યક્તિગત સંપર્ક કે પત્ર મોકલવામાં આવશે.

✤ ✤ ✤ ✤

પ્રાથમિક શાળાના મકાનનું બાંધકામ પૂરજોશમાં ચાલુ છે.

✤ ✤ ✤ ✤

શિક્ષણના આપણા સહિયારા યજ્ઞમાં હજુ આર્થિક યોગદાન આપવા આપણા ઉદારદિલ સખાવતી દાતાઓને નમ્ર વિનંતી છે.

**સંપર્ક :**

**જતીન દેસાઈ (મંત્રી) :** **પ્રવીણ દેસાઈ( પ્રમુખ)**

સુજાતી ઈલેકટ્રીકલ એન્ટરપ્રાઈઝ,

૪૨, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

ટેલીફોન : ૨૨૦૬૦૦૯૦

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

## ૬૦ વર્ષ ઉજવણી પર્વ પ્રસંગે મળેલા દાન

(૧) રૂા. ૫,૦૦,૦૦૦/- શ્રીમતી મણીબેન પુનમચંદ શાહ (વાધકડકીઆ) રૂા. પાચ લાખ પુરા કોમ્પ્યુટર રૂમના દાતા

(૨) રૂ. ૫,૦૦,૦૦૦/- દાતાનું નામ જાહેર કરવામાં આવશે. રૂ. પાંચ લાખ પુરા લાયબ્રેરી રૂમ માટે

(૩) રૂ. ૧,૦૦,૦૦૦/- જયંતિલાલ ગોકલદાસ ગાંધી (વલ્લભવિદ્યાનગર) રૂા. એક લાખ પુરા એક રૂમનાં સાધન દાન માટે

(૪) રૂ. ૨,૦૦,૦૦૦/- શ્રીમતી મીનાશ્રીબેન મોહીતકુમાર મહેતા રૂ. બે લાખ પુરા બે રૂમનાં સાધન દાન માટે

(૫) રૂ. ૧,૧૧,૧૧૧/- મણીકાંત છોટાલાલ કડકીઆ (બાલાસિનોર) એક લાખ અગિયાર હજાર એકસો અગીયાર એક રૂમના સાધન દાન માટે

(૬) રૂ. ૧,૦૦,૦૦૦/- દીનેશચંદ્ર મોજીલાલ શેઠ (એક લાખ પુરા) એક રૂમના સાધન દાન માટે.

સંસ્થાવતી સર્વે દાતઓનો આભાર

**પ્રમુખ - પ્રવીણ દેસાઈ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ દાતાઓને અપીલ

સમાજની તા. ૨૯મી નવેમ્બર ૨૦૧૦નાં રોજ મળેલી કારોબારી સમિતિની મીટીંગમાં લેવાયેલા નિર્ણય મુજબ સમાજ સંચાલિત Program & Event Management ને નામ આપવા માટે સખાવતી દાતાઓને અપીલ કરે છે.

સમાજ નીચે મુજબના નિયમોનું પાલન કરશે.

(૧) જે દાતા રૂપિયા અઢાર લાખ (રૂ. ૧૮,૦૦,૦૦૦) અથવા તેથી વધુ રકમનું દાન આપવા જાહેર કરશે તેમનું અથવા તેમના ફેમીલી મેમ્બરનું નામ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત Program & Event Management સાથે જોડવામાં આવશે.

(૨) સમાજ/સબકમીટી વર્ષમાં બે Event યોજવા પ્રયત્ન કરશે.

(૩) દાતા અથવા દાતાનાં સૂચન મુજબ બાલાસિનોરની કોઈ પણ એક વ્યક્તિને ઉપરની સબ કમિટિમા મેમ્બર તરીકે લેવામાં આવશે.

(૪) દાતાને દરેક Event/Seminar વખતે આગલી હરોળમાં ૧૦ સીટ આપવામાં આવશે.

(૫) દાતાનું નામ જાહેર થયા પછી અને તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૧નાં રોજ યોજેલા Event બાદ બીજી કોઈ વ્યક્તિને Sponsor તરીકે લેવામાં આવશે નહિ.

(૬) દાતાએ વચન આપેલી દાનની રકમ બે વર્ષમાં તા. ૩૧ માર્ચ ૨૦૧૩ સુધીમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજને આપવાની રહેશે.

(૭) Event / Seminar માં ભાગ લેનાર મેમ્બરોને ફ્રી પાસ આપવામાં આવશે નહિ.

(૮) દાતાનો પોતાનો અથવા તેમના પરિવાર વતિ કોઈ એક વ્યક્તિનો ફોટો સમાજની ઓફિસમાં મુકવામાં આવશે.

સમાજના ઉપર મુજબના નિર્ણયને આધિન બાલાસિનોરનાં સખાવતી દાતાઓને તેમની ઓફર વહેલો તે પહેલો મુજબ બંધ કવરમાં સમાજની ઓફિસે મોકલી આપવા વિનંતી કરે છે.

વધુ વિગત માટે સમાજનાં પ્રમુખ શ્રી પંકજ ધારિયા (લાલખા)નો, મો. ૯૮૨૧૦૨૮૭૬૨ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

**પંકજ ધારિયા (લાલખા) પ્રમુખ**

## આગામી સેમીનાર

સમાજ સંચાલિત Program & Event Management નો એક સેમીનાર રવિવાર તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૧નાં રોજ સ્ટેટસ રેસ્ટોરંટ ખાતે રાખેલો છે. જેનાં ચીફ ગેસ્ટ અને સ્પીકર શ્રી નીશીથ રજનીકાંત શાહ (ચકવા) "Business Management & Enterpreneurship At Any Age" ઉપર વાર્તાલાપ કરશે.

અમે સહર્ષ જાહેર કરીએ છીએ કે શ્રી જયેષ રજનીકાંત શાહ (નગરશેઠ) પરિવારે ઉપરોક્ત ઈવેન્ટને સ્પોનસર કરવાની જાહેરાત કરી છે. Programe & Even Management Committee નો આ સતત ત્રીજો ઈવેન્ટ સ્પોનસર કરી અમારુ મનોબળ વધારવા તથા આર્થિક રીતે સંસ્થાને મદદ કરી છે તે બદલ અમે શ્રી જયેષભાઈ તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક જાહેર આભાર વ્યક્ત કરીએ છીએ.

**પંકજ ધારિયા (લાલખાં)**
**પ્રમુખ અને કન્વીનર**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત
# લગ્ન જીવન સમિતિ (મેરેજ બ્યુરો)

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ છેલ્લા ૪૩ વર્ષોથી બાલાસિનોર દશાનિમા વણીક જ્ઞાતિ સાથે કૌટુંબીક રીતે સંકળાયેલું છે. આ સંસ્થા તરફથી લગ્નબ્યુરો દ્વારા દરેક લગ્ન વાન્છુક કુટુંબોને હૃદયપુર્વક સાથ સહકાર સાથે મદદરૂપ થવા માગીએ છીએ તો દરેક ઉમેદવારને ફોર્મ ભરવા વિનંતી છે.

ગયા વર્ષે અમને આ યોજનામાં ખુબ જ સરસ પ્રતિસાદ મળ્યો હતો ને ૭ થી વધુ યુગલો આ યોજના દ્વારા લગ્નગ્રંથીથી જોડાયા હતા. આ વર્ષે પણ આ યોજનામાં આપ સૌનો સાથ સહકાર મળી રહેશે એવી આશા રાખીએ છીએ.

## લગ્ન જીવન સમિતિ (મેરેજ બ્યુરો સમિતિ)

| | | |
|---|---|---|
| સંગીતા નિખિલ પરીખ (લાય) | ૨૩૮૨૨૫૧૦ | ૯૯૬૯૫૫૨૮૩૪ |
| મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૨૩૮૫૬૨૪૯/૨૩૪૨૩૫૩૪ | ૯૮૩૩૨૮૮૨૧૪ |
| સુરેખાબેન શરદભાઈ કડકીઆ (ટોકરશી) | ૨૩૬૭૭૯૪૯ | ૯૩૨૨૦૫૧૬૬૩ |
| મીનાબેન પ્રબોધભાઈ દોશી (બોરીવલી વિભાગ) | ૨૮૩૩૩૨૮૮ | ૯૩૨૨૦૪૪૪૩૨ |
| સોનલબેન વસંતભાઈ દેસાઈ (કાંદિવલી વિભાગ) | ૨૮૬૩૮૨૬૮ | ૯૮૨૧૫૪૩૨૯૭ |
| પ્રીતીબેન પ્રકાશભાઈ પરીખ (મલાડ વિભાગ) | ૨૮૮૩૧૬૩૪ | ૯૨૨૪૨૮૬૬૦૮ |
| સ્મિતાબેન પંકજભાઈ પરીખ (અંધેરી વિભાગ) | ૨૬૨૮૫૨૨૫ | ૯૮૨૦૧૦૫૬૩૪ |
| ચંદ્રલેખાબેન સુરેન્દ્રભાઈ દેસાઈ (પાર્લા વિભાગ) | ૨૬૧૧૬૭૦૩ | ૯૦૦૪૦૩૩૨૦૦ |
| અશ્વિબેન અનિલભાઈ દેસાઈ (મેનપૂરાવાળા) (દાદર-વાંદ્રા વિભાગ) | ૨૪૩૦૮૦૦૩ | ૯૮૩૩૯૯૬૫૧૯ |
| નીશાબેન જતિનભાઈ દેસાઈ (મુંબઈ વિભાગ) | ૨૩૮૦૪૨૯૨ | ૯૮૩૩૧૪૯૧૩૪ |
| રીટાબેન મુકેશભાઈ ગાંધી (મુંબઈ વિભાગ) | ૨૪૯૪૩૯૮૪/૨૩૫૨૬૯૧૩ | ૯૯૨૦૧૦૫૬૩૪ |
| મીરાબેન રવિતેજભાઈ કાપડિયા (મુંબઈ વિભાગ) | ૨૩૮૪૧૧૮૩ | ૯૮૨૧૧૬૬૪૫૫ |

**લગ્ન જીવન સમિતિ વતી – સંગીતા નિખિલ પરીખ (લાય)**

**પ્રમુખ – પંકજ ધારીઆ (લાલખાં), મંત્રી – નિમીષ કડકીઆ (મલમ), દક્ષેશ કડકીઆ (લટકારી)**

# શ્રી ગોકુલનાથજી મંદિર બાલાસિનોર અપીલ

વ્હાલા ભગવદીય વૈષ્ણવો,

શ્રીમદ્ ભગવદ ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને જણાવ્યું છે કે આ જન્મના કાર્યોનો હિસાબ સરભર કરવા માટે ભક્તિમાર્ગ જ ટૂંકો અને ઉત્તમ માર્ગ છે. જાહેર જનતા માટે મંદિર એ જે ભક્તિ માટેનું આદર્શ સ્થળ છે.

બાલાસિનોર ખાતે આવેલું શ્રી ગોકુલનાથજીનું મુખ્ય મંદિર તેમજ ફગવા બગીચા મંદિરને વર્ષો થયા હોવાથી સમારકામની જરૂરીયાત છે. આને માટે ભંડોળની આવશ્યકતા હોવાથી અમે આ અપીલ દ્વારા આપના હૃદય સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો છે. જેનો આપ સૌ ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપશો.

રવિશંકર મહારાજે એકવાર કહયું હતું કે બાલાસિનોર એક એવું ગામ છે જ્યાં દાન આપવા માટે દાતાઓની કતાર લાગે છે. આજે આ ઉક્તિને યથાર્થ કરવાનો સમય છે. તો આપ સૌ આવા પુણ્યશાળી કામ માટે દાનની ગંગા વહાવી દેશો એવો અમને વિશ્વાસ છે.

શ્રી ગોકુલનાથજીનું મુખ્ય મંદિર બાલાસિનોર તથા ફગવા મંદિર ખાતેના કામોની યાદી નીચે જણાવી છે. અને આ ઉમદા અને પવિત્ર કાર્ય માટે આપ સૌ સખાવતી દાતાઓ સાથ અને સહકાર આપશો.

(૧) મુખ્ય મંદિરમાં સિંહાસન તેમજ બીજા લાકડાના સાધનોને ચાંદીના પતરાથી મઢવાનું તેમજ ઠાકોરજીની સેવામાં વપરાશમાં જે ખૂટે છે તે બનાવવા માટે અંદાજે રૂપિયા છ લાખનો ખર્ચ સેવા પેટે પુનમચંદ ભીખાલાલ પરીખ (અધોળી) તરફથી મળ્યા છે.

(૨) મંદિરના દર્શનાથીઓવાલા ભાગની દિવાલના મારબલ ઉપર વધુ શુશોભન કાર્ય માટે રૂપિયા એક લાખ શ્રી અશોકભાઈ રસિકલાલ ધારીઆ (બલબલ) તરફથી મળ્યા છે અને તેનું કામ ચાલુ છે.

(૩) ચિત્રજી મંદિરની છત તેમજ દિવાલો ઉપરના ચિત્રો ફરીથી રંગાવાના આશરે રૂપિયા બે લાખ જે વૈષ્ણવ આપશે તેમના નામની તક્તી મંદિરમાં મૂકવામાં આવશે.

(૪) મંદિરને રંગકામ કરાવવાના રૂપિયા ત્રણ લાખ જે વૈષ્ણવ આપશે તેમના નામની યાદી મંદિરમાં મૂકવામાં આવશે.

(૫) મંદિર સામેની ઓરડી અને કારકુનની દુકાન વચ્ચેની કોમન દિવાલ પાડીને ભોયતળીયું (જેમાં પાઠશાળાનો હોલ બનશે).

હા.પ.ભ.શ્રી મણીકાન્તભાઈ કડકીઆ જેઓ વિઠલેશ પાઠશાળાની બહેનોના વહીવટકાર છે તેમના ભંડોળમાંથી આપવાનું નક્કી કર્યું છે અને પાઠશાળાના હોલ સાથે નામ જોડાવવામાં આવશે. અને તેની ઉપર એક માળ બનાવવાનો ખર્ચ આશરે રૂપિયા પાંચ લાખ અંદાજવામાં આવ્યો છે. જેના પેટે રૂપિયા બે લાખનું વચન અને તે મકાન સાથે જોડવામાં આવશે. મકાનનું નામ શ્રી ગોકુલનાથજી સદન અથવા યોગ્ય ફેરફાર સાથે રાખવામાં આવશે.

(૬) ફગવા બગીચામાં પ્રવેશદ્વાર ઉપરનો મેડો, સીડી તેમજ નીચેની ઓફીસ-બેઠક બનાવવાનો અંદાજિત ખર્ચ રૂપિયા સાત લાખ જેવો છે. આમાંથી રૂપિયા ચાર લાખ શ્રી પુનમચંદ ભીખાલાલ પરિખ (અધોળી) તરફથી ગયા વર્ષે મળેલ છે. બાકીના પૈસા મંદિરના ભંડોળમાંથી વાપરવામાં આવશે.

(૭) ફગવા બગીચા મંદિરનું સમારકામ તેમજ રંગકામનો ખર્ચ રૂપિયા પાંચ લાખ જેવો આવે છે.

મંદિરની બહાર આવેલ કુલ દશ દુકાનોમાં પ્રત્યેક દુકાન ઉપર રૂપિયા સવા લાખનું દાન આપનાર દાતા વૈષ્ણવના નામની તકતી મુકવામાં આવશે. આ ભંડોળમાંથી બાકીની રકમ ગૌશાળાના ખર્ચ પેટે વાપરવામાં આવશે.

(૮) ગૌશાળામાં ગાયોને વર્ષના એક દિવસ માટેના ઘાસ ખર્ચ પેટે રૂા. ૭૫૦૦ આપનારની કાયમીતીથી નોંધવામાં આવશે. તે તીથીએ દર વર્ષે મંદિરમાં બોર્ડ ઉપર તેમનું નામ લખવામાં આવશે. ગાયોને ઘાસ માટે દૈનિક ખર્ચ પેટે રૂ. ૭૫૦ આપનાર વૈષ્ણવનું નામ તે દિવસે મંદિરમાં બોર્ડ ઉપર લખવામાં આવશે.

(૯) મદાની શેરી ખાતેનું એક મકાન જે મંદિરને ભેટ મળેલ છે તે જર્જરિત દશામાં છે. તેને તોડીને ભોયતળીયું અને ઉપર એક માળ મળીને કુલ ચાર બ્લોક બનાવવાનો વિચાર છે જેનો અંદાજીત ખર્ચ રૂપિયા પંદર લાખ થાય તેમ છે. આ બ્લોક દેશમાં આવનાર વૈષ્ણવને (જેનું પોતાનું ઘર ન હોય કે જે પોતાનું ઘર ખોલવા ન માંગતા હોય) રહેવા આવી શકાય. રૂપિયા અઢિ લાખ આપનાર દાતાનું નામ એક બ્લોક સાથે સાંકળી શકાય અને રૂપિયા પાંચ લાખ આપનાર દાતાનું નામ મકાન સાથે સાંકળવામાં આવશે. તેની સાથે મકાનનું દાન આપનાર દાતાનું પણ નામ રહેશે.

આપના સાથ અને સહકારી અપેક્ષા સાથે

**આ અંગે નીચેના માંથી કોઈનો પણ સંપર્ક સાધવા વિનંતિ છે.**

(૧) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ કલકતાવાળા મો. ૯૩૨૨૮૩૯૯૪૦

(૨) શ્રી મણીકાંત છોટાલાલ કડકીયા બાલાસીનોર : મો. ૦૯૮૨૫૬૪૨૯૪૧

(૩) શ્રી રસીકલાલ સાંકરલાલ મોદી (દેવ) મો. ૯૮૧૯૮૭૯૧૩

(૪) શ્રી જગદીશભાઈ રમણીકલાલ ધારીયા મો. ૯૩૨૦૨૨૧૨૪૧

(૫) શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) મો. ૯૩૨૪૩૩૫૮૫૩

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ આભાર

સર્વે બાલાસિનોર વાસીઓને જણાવવાનું કે સમાજને ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ તરફથી ૮૦Gનું સર્ટીફીકેટ પ્રપ્ત થયેલું છે જેની નોંધ લેવા વિનંતી. ઉપરોક્ત સ્ર્ટીફીકેટ મેળવવા બદલ સમાજ શ્રી પ્રવીણચંદ્ર મુળજીભાઈ ધારિયા (મે.પી.એમ. ધારીઆ એન્ડ કું)નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

## RECREATION CLUB OF BALASINOR

As already informed in October 2010 issue, we are now in the final stage of forming a Trust. Balasinor Nagarpalika will handover two plots on Kedar Hills (Opp. Kanti Park) to our club on 99 years lease basis.

We should be ready to start taking members from New Year, i.e. January 2011.

As limited members are to be taken, Plase see that you do not miss the train.

**Dilip Lalkha - President**

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

**(૧) શ્રીમતી કોકિલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પ**

બાલાસિનોરની કે.એમ.જી જનરલ હોસ્પીટલમાં તા. ૧૬-૧૧-૧૦ના રોજ શ્રીમતી કોકિલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પ યોજવામા આવેલ જેમા અમદાવાદના આણંદના માનસિક રોગોના નિષ્ણાત ડૉ. અમિત શાહએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૫૭ દર્દીઓને તપાસેલા અને તમામ દર્દીઓને ૧૦ દિવસ ની દવાઓ ફ્રી આપવામાં આવેલી.

**(૨) શ્રી લાયન્સ કલબ ઓફ ધોબી તળાવ, મુંબઈ ચામડીના રોગોનો નિદાન કેમ્પ**

બાલાસિનોરની કે.એમ.જી જનરલ હોસ્પીટલમાં તા. ૧૬-૧૧-૧૦ના રોજ શ્રી લાયન્સ કલબ ઓફ ધોબી તળાવ, મુંબઈ, ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજવામા આવેલ જેમા અમદાવાદના ચામડીના રોગોના નિષ્ણાત ડૉ. રાકેશ પટેલ એ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૧૪૫ દર્દીઓને તપાસેલા અને તમામ દર્દીઓ ને ૧૦ દિવસ ની દવાઓ ફ્રી આપવામા આવેલી.

(૩) હોસ્પીટલમાં બ્લડ ડોનેશન કેમ્પ આગામી તારીખ ૧૧-૧૨-૨૦૧૦ના રોજ યોજવામા આવેલ છે.

(૪) હોસ્પિટલમાં નીચે મુજબના વિભાગોમાં માહે એપ્રિલ ૧૦ થી ઓકટોબર ૧૦ના માસ દરમ્યાન દર્દીઓ એ લાભ લીધેલ છે.

(અ) શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ (નગરશેઠ) ઈનડોર વિભાગ :- ૯૬૧૪

(બ) મણીલાલ ચંદુલાલ પરીખ એક્ષરે વિભાગ : ૪૬૪૭

(ક) મોહનલાલ લલ્લુભાઈ કડકીયા (મરઘા) સોનોગ્રાફી વિભાગ - ૨૦૦૫

(ડ) બાલાસિનોર નાગરીક સહકારી બેંક ઑર્થોપેડીક વિભાગ : ૩૬૭૪

D મનને ચેતનવંતું અને તાજું રાખો, વ્યવહારની નાની નાની બાબતમાં કચડાયેલાં અને મરી ગયેલાં મનથી આપણે વર્તીએ છીએ એન અકારણ જીવનને વેડફી નાખીએ છીએ.

D દુઃખનું ઓસડ દહાડા. પ્રિયજનનાં મૃત્યુનો આઘાત કે શોક દિવસો વીતતાં વિસરાઈ જાય છે. સાંસારિક વ્યવહારના જખમ મટાડવાનો કુદરતનો મલમ એટલે સમય.

## સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ

## સ્મૃતિ સંધ્યા

તા. ૬.૧.૨૦૧૧

**સમય :** ૫.૩૦ થી ૭.૩૦

**વક્તા :** ડૉ. ગૌતમ પટેલ

**વિષય :** કૃષ્ણ એક અનોખુ વ્યક્તિત્વ

**સ્થળ :** પ્રેમુરી આધ્યાત્મિક વિદ્યાભવન, મુંબઈ-૭

**નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) પરિવાર**

# ગ્રામ સેવા સમાજ - બાલાસિનોર
## કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

ઉપરોક્ત પાર્કના વિકાસ અને નિભાવ માટે નવેમ્બર માસમાં કરેલી બીજી અપીલના પ્રતિસાદમાં દાતાઓ તરફથી સુંદર સહકાર મળ્યો છે સહુને અભિનંદન. આપ સહુ આપનો ફાળો સમાજના કાર્યકર્તાઓને નોંધાવી સહકાર આપશો અને રૂા. ૫ લાખની ટહેલ પુરી કરશો.

**રૂ. ૧૫,૦૦૦/-**

શ્રી વિનુભાઈ મણિલાલ શાહ. (નગરશેઠ)

શ્રી કમળાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા)

**રૂ. ૧૧,૦૦૦/-**

કોકિલાબેન રસિકલાલ મોદી (દેવ) ચેરી.ટ્રસ્ટ હ. વિનિત અને ઉર્વીશ મોદી (દેવ)

**રૂ. ૧૦,૦૦૦/-**

ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) ટ્રસ્ટ

**રૂ. ૫૧૦૦/-**

શ્રી મયંકકુમાર રજનીકાંત કડકીઆ (ટીનુભાઈ ચોક્સી)

શ્રી કૌશિકકુમાર શાંતિલાલ ચોક્સી

**રૂ. ૫,૦૦૦/-**

શ્રી રમેશચંદ્ર મોજીલાલ ધારીઆ

શ્રી રજનીકાંત મણીલાલ શાહ (નગરશેઠ)

શ્રી દિનેશભાઈ ચીમનલાલ પરીખ (રાઠોડીઆ)

શ્રી બાબુલાલ સાકરલાલ દેસાઈ (અભ્યુદય ટ્રસ્ટ)

**રૂ.૪,૦૦૦/-**

સૂર્યાબેન મોહનલાલ પરીખ (લાય)

**રૂ. ૨,૫૦૦/-**

શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી)

શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ મોદી (ઠાસરાવાળા)

**રૂ. ૨,૦૦૦/-**

શ્રી કોકિલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા)

શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)

શ્રી તારાબેન ચીમનલાલ પરીખ. હસ્તે સુરેન્દ્રભાઈ

શ્રી ભરતભાઈ મહેન્દ્રભાઈ ધારીઆ.

શ્રી કેશુભાઈ ચેલારામ (માનવાણી)

શ્રી રસિલાબેન ચંદ્રકાંત મોદી (ચૂઈ)

શ્રી બાબુલાલ મણિલાલ કડકીઆ (વલ્લભઘેલા)

**રૂ. ૧,૫૦૦/-**

શ્રી પ્રકાશભાઈ કાંતિલાલ પરીખ. હ. અક્ષિત પરીખ (ગાર્ડન વાળા)

**રૂ. ૧,૦૦૦/-**

શ્રી રાવજીભાઈ બેચરભાઈ પટેલ

શ્રી કીરતનલાલ મણિલાલ પારેખ
શ્રી નટવરલાલ ભીખાલાલ શાહ
શ્રી હેમંતભાઈ ઓચ્છવલાલ પારેખ
મે. અંબિકા સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ
શ્રી ઉષાબેન સુરેશચંદ્ર મોદી (ઠાસરાવાળા)
શ્રી જસુભાઈ કંસારા
શ્રી પ્રવીણાબેન નવીનચંદ્ર શાહ (જૈન)

જે ભાઈ બહેનોએ દિવાળીના પર્વ નિમિત્તે બાલાસિનોર પાર્કની મુલાકાત લીધી હશે, તેઓને પાર્કના વિકાસનો ખ્યાલ આવ્યો હશે.

હજી પણ વધુ વિકાસ કરવા પ્રયત્નો કરીએ છીએ.

**લી. રજનીભાઈ શાહ. (ઠાસરાવાળા)**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

ઉપરોક્ત સમાજ ને કીર્તનીયા મંડળી માટે સારી ગાયકી તથા તાલ ની સમજ ધરાવતાં ભાઈઓની આવશ્યકતા છે. જે કોઈ ભાઈઓને તાલ સાથે ગાતા આવડતું હોય અને જેઓએ કીર્તનીયાં મંડલીમાં જોડાવવાનું હોય તેઓએ મંત્રી શ્રી બીપીન કીર્તનલાલ દોશીનો સંપર્ક કરવા વિનંતી.

**માનદ્ મંત્રી - શ્રી બીપીન કીર્તનલાલ દોશી**
**૯૮૨૧૩૧૬૨૩૩**

## સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ

આયોજીત

**અ.સૌ.લીલાવતી કિરીટભાઈ કડકીયા (ફાડીયા)**

## - સ્મૃતિ ભક્તિ સંધ્યા -

રવિવાર , તા. ૧૯-૧૨-૨૦૧૦
સમય : સાંજે ૫.૧૫ થી ૭.૩૦ કલાકે
ભક્તિ સંગીત : શ્રીમતી ગાયત્રી કામત
વક્તા : કુ. હેમાંગીની જાઈ
વિષય : માતૃરૂપેણ સંસ્થિતા
**સ્થળ :** પ્રેમપુરી અધયાત્મ વિદ્યાભવન, સ્વામી શ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૭

**નિમંત્રક**

**શ્રી કિરીટભાઈ ભીખાલાલ કડકીઆ પરિવાર**
**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ ટ્રસ્ટીગણ**
**સર્વેને સપ્રેમ આમંત્રણ છે.**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) નવીન કે કડકીઆ
ક્રીસ્ટલ કોમ્પ્યુટરસ, ૨૦/ બીજી જુની હનુમાન લેન
ત્રીજે માળે, રૂમ ન. ૪૫, મુંબઈ - ૪૦૦૦૦૨

૨) ઈલા જીતેન્દ્ર કડકીઆ (ફાડીયા)
સુવર્ણા અપાટમેન્ટ કો.ઓ.હાઉસીંગ સોસાયટી
બી/૧૭, તાદેવ રોડ, મુંબઈ : ૪૦૦૦૦૭

૩) રેખા આર. શાહ
૪૪, શીવઆશ્રય સોસાયટી, વસુમા રોડ,
ડી માર્ટની સામે, વડોદરા - ૩૯૦૦૧૫

૪) સુકેતુ એન. પરીખ
ફલેટ નંબર - ૨૦-એ, સુખમણી બિલ્ડીંગ નંબર-૧,
એસોસીયેટેડ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ,
૬૮૩ બોમનજી પેટીટ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૩૬.

૫) નવનીતલાલ સી. કડકીઆ (મલમ)
કુસુમબેન એન. કડકીઆ (મલમ)
હનુમાન સરન કો.ઓ.સોસાયટી લી.
૭મે માળે ફલેટ નં. ૩૫, બૌમનજી પેટીટ રોડ
પારસી જનરલ હોસ્પીટલ પાસે, મુંબઈ - ૪૦૦૦૩૬
મો. ૯૭૬૯૧૬૪૭૪૧
ઘરનો : ૨૩૬૧૨૯૫૯/૨૩૬૧૨૯૫૯

## બોરીવલીનો જમણવાર

બોરીવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોર વાસીઓનો જમણવાર તા. ૯-૧-૨૦૧૧ના રોજ રવિવાર - સમય : બપોરે ૧૨ કલાકે

સ્થળ : ગુરુદ્વારા, સાઈબાબા નગર
બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૯૨

આપ સોને જમવા પધારવા માટે આમંત્રણ છે.

બોલીવલીના કાર્યકર્તાઓને કોન્ટેકટ કરવો.

**લી. હેમેન્દ્ર રમણલાલ શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬**

## લગ્ન નોંધ

૧. **મીતુલ** નીલેશ કિર્તનલાલ પરેખ
**બીજલ** હરેશ મોદી

૨. **ધવની** જીગનેશ રમેશભાઈ ધારીઆ
**નીરવ**

૩. **પંકીલ** નીશીથ રસીકલાલ ધારીઆ (દલાલ)
**કીંજલ** મહેશ ઠક્કર

૪ **ધરા** વિનીત રસીકલાલ કડકીઆ
**નીમીત** આસ્થા સંગવી

૫. **તેજસ** પ્રકાશ મગનદાસ ધારીઆ (માટલી)
**નમ્રતા** અજય ગાંધી

૬ **પ્રતીક** કાર્તીક રસીકલાલ કડકીઆ
**સલોમી ઉશનસ** નવીનચંદ્ર કચેરીઆ

## તેજસ્વી તારલા

કુ. ડૉ. તેજલ પ્રદીપભાઈ ધારીઆ (શહેરાવાળા) USA માં M.D. ની પરીક્ષામાં ૯૧ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. ડૉ. તેજલ ને સંસ્થા વતી ખુબ ખુબ અભિનંદન.

## બાલાસિનોર ગ્રુપ ઓફ અંધેરી

રજત જયંતી વર્ષ સ્થાપના : ૧૯૮૫

**દિનાંક : શનીવાર ૨૨-૧-૨૦૧૧**

**સમય : સાંજે ૭.૩૦ કલાકે**

અંધેરીમાં વસતા બાલાસિનોરના વતનીઓના ગ્રુપની સ્થાપનાનાં ૨૫ વર્ષ રજત જયંતી ઉત્સાહપૂર્વક ઉજવવા નક્કી કર્યું છે. આ પ્રસંગે સમૂહ ભોજન તથા અન્ય કાર્યક્રમ, અંધેરી રીક્રિયેશન કલબના ઉત્સવ હોલમાં રાખવામાં આવ્યો છે.

અંધેરીમાં વસતા તમામ બાલાસિનોરવાસીઓને હાજર રહેવા સપ્રેમ નિમંત્રણ છે.

**પરેશ પરીખ - કલ્પેશ ધારીયા - પંકજ પરીખ**

**3rd Cover Page**



૫૯માં વાર્ષિક રસોત્સવની ઝલક



ખુશખુશાલ કલાકારો